# સુરત મહાનગર સેવાસદન

## ગુમાસ્તાધારા વિભાગ

(૧) મુંબઈ દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ ૧૯૪૮ હેઠળ સંસ્થાની નોંધણી, નોંધણી રીન્યુ ફી ફેરફાર ફી. વિ. ની વિગત.

| | | નોંધણી ફી | રીન્યુઅલ ફી |
|---|---|---|---|
| ૧. | ૧૦ કે તેથી વધુ નોકરીયાતવાળી વેપારી સંસ્થાઓ | રૂા.૬૦–૦૦ | રૂા.૩૦–૦૦ |
| ૨. | ૧૦ થી ઓછી નોકરીયાતવાળી વેપારી સંસ્થાઓ | રૂા.૬૦–૦૦ | રૂા.૨૦–૦૦ |
| ૩. | ૧૦ થી વધારે નોકરીયાતવાળી દુકાનો | રૂા.૬૦–૦૦ | રૂા.૩૦–૦૦ |
| ૪. | ૧૦ થી ઓછા નોકરીયાતવાળી દુકાનો | રૂા.૪૦–૦૦ | રૂા.૨૦–૦૦ |
| ૫. | રહેવાની સગવડ ધરાવતી હોટલો | રૂા.૬૦–૦૦ | રૂા.૩૦–૦૦ |
| ૬. | રેસ્ટોરાં અને ભોજનગૃહો | રૂા.૬૦–૦૦ | રૂા.૩૦–૦૦ |
| ૭. | થીયેટરો, આનંદ પ્રમોદ કે મનોરજંન માટેના બીજા જાહેર સ્થળો | રૂા.૬૦–૦૦ | રૂા.૩૦–૦૦ |
| ૮. | કોઈપણ નોકરીયાત ન રાખતી સંસ્થાઓ | રૂા.૨૦–૦૦ | રૂા.૨૦–૦૦ |
| ૯. | નોંધણી પ્રમાણપત્રની નકલ ફી | રૂા.૦૫–૦૦ | – |
| ૧૦. | નોંધણી પ્રમાણપત્રમાં જરૂરી સુધારા ફી | રૂા.૦૨–૦૦ | – |

(૨) સને ૧૯૮૦ ગુજરાતના દુકાનો અને સંસ્થાઓના (કર્મચારી જીવન વીમા) અધિનિયમ હેઠળ સંસ્થાના માલિકે લાયકાત ધરાવતા કર્મચારી દીઠ વર્ષ રૂા.૬–૦૦ થી વધુ નહિ આટલા દરે તથા સંબંધીત કર્મચારી દીઠ દર વર્ષે રૂા.૬–૦૦ થી વધુ નહી તેટલા દરે ફાળો જેતે વર્ષની ૧૫ મી જાન્યુ. પહેલા ભરવાનો હોય છે. અને કર્મચારીનું અવસાન થાય તો તેના કુટુંબીજનોને રૂા.૧૦,૦૦૦/– થી વધુ નહિ તેટલી રકમ મેળવવા હકકદાર થાય છે. આ ધારાનો ભંગ કરનારને ત્રણ માસ સુધીની સજા અથવા રૂા.૫૦૦/– સુધીનો દંડ અથવા બંને થવાની જોગવાઈ છે.

(૩) "ગુજરાત રાજય વ્યવસાય, વેપાર ધંધા અને રોજગારી વેરા અધિનિયમ, ૧૯૭૬ ગુજરાત રાજયના વેચાણવેરા વિભાગ ધ્વારા પ્રોફેશનલ ટેક્ષ વસુલાત અંગેની કામગીરી કરવામાં આવતી હતી, તે તા.૧–૧૦–૨૦૦૬ થી મહાનગરપાલિકાને સુપ્રત કરેલ હોવાથી આ કામગીરી ગુમાસ્તાધારા હેઠળ હાથ ધરવામાં આવેલ છે અને એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન ગુજરાત રાજય વ્યવસાય, વેપાર ધંધા અને રોજગારી વેરા અધિનિયમ ૧૯૭૬ મુજબ નકકી કરેલ દરે વસુલ લેવામાં આવનાર છે."

**મુકિતઓ :** આ અધિનિયમ અન્વયે જોગવાઈઓનો અમલ કરવામાં અધિનિયમની કલમ ૨૩ હેઠળ કેટલીક સંસ્થાઓને મુકતી આપેલ છે.